## અત્ર, તત્ર, સર્વત્ર મેઘરાજાની ધનાધની: મંગળવારની સવારથી સુરત જિલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા અનેક સ્થળોએ પાણી ફરી વળ્યાં










# 16 ઈંચ વરસાદથી કામરેજ તાલુકો તરબોળ

**મુંબઈ**-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર પાણી ભરાયાં

**અંત્રોલીમાં** ઘરોમાં પાણી ઘૂસ્યા, નવાગામની સોસાયટીઓમાં પાણીમાં

કામરેજ: કામરેજ તાલુકામાં એક જ દિવસમાં સવારથી સાંજ સુધીમાં 16 ઇંચ જેટલો વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ જવા પામ્યા હતા.

કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં સર્વિસ રોડ પર વરસાદીના પાણીના નિકાલ ન થવાથી આસપાસની સોસાયટી તેમજ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર પાણી ભરાઈ જતાં હાઈવે પર વાહનોની મોટી લાઈનો લાગી જવા પામી હતી. જ્યારે કોળી ભરથાણાથી વાલક જતી ખાડી પરથી પાણી પસાર થતાં નવાગામ ગામ તેમજ ગામની આસપાસ આવેલી સોસાયટીઓમાં તાલુકા પંચાયતના પ્રમુખ કૌશલ પટેલની નવસર્જન સોસાયટી, શ્યામનગર, ભરવાસ,મણીનગર સહિતની સોસાયટીમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. આ પાણીના લઈને સુરત શહેરનો મુખ્ય માર્ગ પણ શ્યામનગર સોસાયટી નજીક પાણી ભરાઈ જતાં એક તરફનો આખો રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો.



સુરત-કામરેજ રોડ પર બન્ને તરફ વાહનોની અવરજવરના લઈને ત્યાં પણ ટ્રાફિક જામ થઈ ગયો હતો. કામરેજ પ્રાંત તેમજ મામલતદાર કચેરીમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ ગયા હતા.

તાલુકાના નનસાડ ગામે સરદાર આવાસમાં, ઘલુડી ગામે વચલા ફળીયામાં, કામરેજની કેનાલ રોડ પર આવેલી ઘણી સોસાયટી તેમજ ગામ નજીક આવેલી આત્મીય વિલા સોસાયટીમાં ખાડી કિનારે દિવાસ ધસી પડતાં ત્રણ ફોર વ્હીલ કાર તેમજ એક મોપેડ ખાડીના પાણી ખાબક્યા હતા. ત્રિલોક રેસિડન્સીની દિવાલ તૂટી પડી હતી. ગામમાં કોટથી લઈને માછીવાડ સુધી તાપી નદીના કિનારે માટીનું ધોવાણ થવા પામ્યું છે. વાવ ગામે એસઆરપીએફ ગ્રુપ 11, આર.કે.કોલની તેમજ સોસાયટીઓ, લાડવી ગામ નજીક, ખોલવડ ગામમાં જવાના મુખ્ય રસ્તા પણ પાણી ફરી વળ્યા હતા. રાણી ફળિયા પાસે રોડનું ધોવાણ થવા પામ્યું છે. અંત્રોલી ગામમાં પાંચથી છ ઘરમાં પાણી તેમજ ગામમાં જવાના રસ્તા પણ પાણી આવતાં જતાં તાલુકામાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

### તમામ એસટી બસોને કામરેજ થંભાવી દેવાઇ

ભારે વરસાદના પગલે સુરત આવતી તમામ એસટી બસોને કામરેજ બસ સ્ટેન્ડમાં થંભાવી દેવામાં આવી હતી, જેના પગલે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# પલસાણામાં 10 કલાકમાં 8, સાંજના 4 કલાકમાં વધુ 9 ઈંચ વરસાદ

**માર્ગો** બંધ થતાં જનજીવન ખોરવાયું, 4 વાગ્યા બાદ મેઘરાજા વધુ રોદ્ર બન્યાં




પલસાણા: દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે, જેના ભાગરૂપે પલસાણા તાલુકામાં વહેલી સવારથી જ અતિભારે વરસાદ ખાબક્યો છે. સવારે ૬ વાગ્યાથી લઈને સાંજના ૪ વાગ્યા સુધીના માત્ર ૧૦ કલાકના સમયગાળામાં જ તાલુકામાં અંદાજિત ૮ ઈંચ (૨૦૫ મીમી) જેટલો ભારે વરસાદ નોંધાતા સમગ્ર પંથક પાણી-પાણી થઈ ગયો હતો. આ મુશળધાર વરસાદને કારણે તાલુકાના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને સામાન્ય જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી હતી.

ભારે વરસાદના પગલે પલસાણા નજીક આવેલી બલેશ્વર ગામની બત્રીસગંગા ખાડીનું જળસ્તર ભયજનક સપાટીએ વધી ગયું હતું. ખાડીના પાણી પલસાણા-બલેશ્વર રસ્તા પર ફરી વળતાં વાહનવ્યવહાર માટે આ માર્ગ સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત કડોદરા અને ચલથાણના નીચાણવાળા વિસ્તારોમાં પણ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો હતો. કડોદરા પોલીસ ચોકીની આસપાસના પરિસરમાં પણ પાણી ભરાઈ જતાં પોલીસકર્મીઓ અને ત્યાં આવતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

આ આફતના વરસાદની સીધી અસર વાહનવ્યવહાર પર પણ પડી હતી. બલેશ્વર નજીકથી પસાર થતા નેશનલ હાઇવે નંબર ૪૮ના એક ટ્રેક પર વરસાદી પાણી ભરાઈ જવાને કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. હાઇવે પર સર્જાયેલી ટ્રાફિકની ગંભીર સમસ્યાને હળવી કરવા માટે ટ્રાફિક પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી. પોલીસે જેસીબી મશીનની મદદ મેળવીને હાઇવે પરથી પાણીના નિકાલની યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરાવી હતી, જેથી વાહનવ્યવહારને ફરી પૂર્વવત કરી શકાય.

# સાયણમાં વરસાદી પાણીનો નિકાલ નહીં થતાં કેડ સમા પાણી

**નીચાણવાળા** વિસ્તારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા, જનજીવન પાણી પાણી થઈ ગયું

સાયણ: ઓલપાડ તાલુકામાં સોમવારે સાંજે ચાર વાગ્યાંથી બીજા દિવસે મંગળવારે સાંજે ચાર વાગ્યાં દરમ્યાન ૨૪ કલાકમાં દરમ્યાન અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. સાયણ વિસ્તારમાં વધુ વરસાદ પડવા સાથે ઉપરવાસના ગામોમાં પડેલા વરસાદી પાણીનું ઘોડાપૂર સાયણ બજારમાંથી પસાર થતી સેનાખાડીમાં ધસી આવ્યું હતું. જેથી ટાઉનમાં ગોકળગાય ગતિએ ચાલી રહેલા અન્ડર ગ્રાઉન્ડ ગટર લાઈનના અધૂરા કામના કારણે પાણીનો નિકાલ ન થતાં ટાઉનમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત સાયણ- શેખપુર રોડ પરથી પસાર થતી ખાડી પણ પાણીથી ઉભરાતા રસ્તા ઉપર પાણીના ભરાવાથી બંન્ને ગામ સંપર્ક વિહોણા થયા હતાં. જેથી આ ખાડીનું પાણી ટાઉનની પૂર્વમાં ગાયત્રી, સોમનાથ, શાંતિનિકેતન, પ્રભુનગર સહિતની વિવિધ સોસાયટીઓમાં ધસી આવતા લોકોના ઘરના આંગણામાં નીર ધસી આવતા નીચાણવાળા કેટલાક રહીશોના ઘરમાં પાણી ઘૂસ્યા હતાં. જેથી અસરગ્રસ્તોએ ઘર વખરી સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. જ્યારે સાયણ પશ્ચિમની બોમ્બે ચાલ, ગાયત્રી, નિલમ,અંબિકા,આદર્શ નગર-૧ થી ૩ સોસાયટી અને સ્લમ વિસ્તારના કાશી ફળિયામાં ઘૂંટણસમા પાણી ભરાયા હતાં. સાયણ બજારમાંથી ઓરવાડ જતાં રોડ ઉપર કેડ સમાં પાણીના ભરાવાથી આ રસ્તો બંધ થવા સહિત દરગાહ અડધી ડૂબી જવા ઉપરાંત નીચાણવાળા ઘરોમાં પાણી ફરી વળ્યાં હતાં. જેથી મંગળવારે સાયણના લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

### તાલુકામાં બે ગામને જોડતા અનેક રસ્તા બંધ

ઓલપાડ તાલુકામાં ઉપરાંત ઉપરવાસમાં પડેલા વરસાદી પાણી બે ગામોને જોડતા ૧૫થી વધુ રસ્તાઓ ઉપર ફરી વળતા તંત્રએ આ રસ્તાઓની અવરજવર બંધ કરી છે. જે પૈકી સાંધીએર- માધર રોડ સાંધીએર-મોરથાણ, કંથરાજ-ઓભલા, વિહારા-કણભી, કંથરાજ-સિથાણ- ખલીપોર, અટોદરા-અછારણ-સિથાણ, મુળદ-કારેલી, પરીઆ-સિવાણ સિવાય અનેક ગ્રામ્ય રસ્તા ઉપર વરસાદી પાણી ભરાતા બે ગામના લોકો વચ્ચેનો સંપર્ક તૂટ્યો છે.

### પલસાણાના પુણી અને ધામડોદ ગામમાં 72 લોકોનું સુરક્ષિત સ્થળાંતર

પલસાણા: પલસાણા તાલુકાના પુણી અને ધામડોદ ગામમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે અસરગ્રસ્તોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પુણી ગામના અનુસૂચિત જાતિ અને હળપતિવાસ ફળિયામાં પાણી ભરાઈ જવાથી ત્યાંથી કુલ 53 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ધામડોદ ગામના વસાવા ફળિયામાં પણ પાણી ભરાઈ જતાં ત્યાંથી 19 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આમ, બંને ગામોમાંથી મળીને કુલ 72 લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

### અંકલેશ્વરમાં શોપિંગ કોમ્પ્લેક્સનો છતનો ભાગ ધરાશાયી



અંકલેશ્વર: અંકલેશ્વરમાં વરસાદી માહોલ વચ્ચે મહાવીર ટર્નિંગ નજીક આવેલા શોપિંગ કોમ્પ્લેક્સની છતનો એક હિસ્સો ધારાશયી થતાં દોડધામ મચી જવા પામી હતી. કોમ્પ્લેક્સની છતનો આગળનો હિસ્સો તૂટીને નીચે આવેલી દુકાન પર પડ્યો હતો. ઘટના સમયે દુકાનમાં અને આસપાસ લોકોની અવરજવર ઓછી હોવાથી કોઈ જાનહાનિ કે ઇજા નોંધાઈ નથી.

### ડોલવણનાં વાંકલા પાસે ને.હા.56 માઈનોર બ્રિજ પાસેનો ભાગ ધસી પડ્યો



વ્યારા: તાપી જિલ્લામાંથી પસાર થતાં વાપી- શામળાજી નેશનલ હાઈવે નં.56 પર ડોલવણ તાલુકાનાં વાંકલા પાસે માઈનોર બ્રિજ પાસે માટીનો કેટલોક ભાગ વરસાદને કારણે ખાડીમાં પડ્યો હતો. જેને કારણે વાહન વ્યવહારને અસર પહોંચી હતી.

### ભારે વરસાદથી વહેવલ ગામ ચાર ભાગમાં વહેંચાયું



ભોરિયા: અંબિકા તાલુકાના વહેવલ ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે ગામના નીચાણવાળા પુલિયા પાણીમાં ગરકાવ થતાં સમગ્ર ગામ ચાર ભાગમાં વહેંચાઈ ગયું છે. નિશાળ ફળિયાથી ખુટી ફળિયા, સેવાપુરી ફળિયાથી ખુટી ફળિયા, હટવાડા ફળિયાથી ઝાડી ફળિયા તેમજ ખુટી ફળિયાથી દાજીડા તરફ જતો માર્ગ પાણીમાં ડૂબી જતાં તમામ માર્ગો પર અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.

### મહુવા-અનાવલ હાઈવે પર વાહનવ્યવહાર બંધ

અનાવલ: મહુવા તાલુકામાં પડેલા અતિ ભારે વરસાદને કારણે મહુવા-અનાવલ સ્ટેટ હાઈવે પર અનેક સ્થળોએ વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. રસ્તા પર પાણીનું સ્તર સતત વધતાં વાહનચાલકો માટે અવરજવર જોખમી બની હતી. સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રએ સાવચેતીના ભાગરૂપે સ્ટેટ હાઈવે પર કેટલાક સમય માટે વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી.

### કઠોદરાથી કોસંબાને જોડતા ગાયકવાડી માર્ગ પર પાણી ભરાયાં

કીમ: ઓલપાડના કઠોદરા ગામથી કોસંબાને જોડતા ગાયકવાડી માર્ગ પર ભારે વરસાદના કારણે પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. કઠોદરા ગામે આવેલા ગરનાળા (પુલિયા) પાસે વરસાદી પાણીનો ભારે ભરાવો થતાં માર્ગ પાણીમાં ગરકાવ થયો હતો. કીમથી કીમ ચાર રસ્તા સુધીના સ્ટેટ હાઈવે પર પણ પાણી ભરાવા સાથે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિકથી બચવા માટે અનેક વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગ તરીકે કઠોદરા-કોસંબા ગાયકવાડી માર્ગ પસંદ કર્યો હતો. જોકે, કઠોદરા ગામે ગરનાળા પાસે પાણી ભરાઈ જતાં આ માર્ગ પણ અવરોધિત બન્યો હતો. મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

# 12 કલાકમાં 7.50 ઈંચ વરસાદથી બારડોલી જળબંબાકાર

**ગાંધી** રોડના રાજીવનગરના ઘરોમાં પાણી ઘૂસી ગયા, રેલવે ગરનાળું બંધ

**ધામદોડ** લુંભાની શિવ શક્તિ સોસાયટીમાં પાણીમાં ગરકાવ, શમરિયા મોરા વિસ્તાર બેહાલ

બારડોલી: બારડોલી અને આસપાસના વિસ્તારોમાં આજે મેઘરાજાએ ભારે કહેર વર્તાવ્યો છે. છેલ્લા માત્ર ૧૨ કલાકના ટૂંકા ગાળામાં જ ૧૯૧ મીમી એટલે કે લગભગ 7.50 ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકી જતાં સમગ્ર તાલુકાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ અનરાધાર વરસાદને પગલે શહેરના તમામ નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે. બારડોલી સુગર ફેક્ટરી નજીકનું રેલવે ગરનાળું પણ વરસાદી પાણી ભરાય જતાં બંધ કરવું પડ્યું હતું.

વરસાદના કારણે બારડોલીના ગાંધી રોડ સ્થિત રાજીવ નગર વિસ્તારમાં સ્થિતિ અત્યંત કફોડી બની હતી. અહીં વરસાદી પાણી સીધા લોકોના ઘરમાં ઘૂસી જતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત, ભારે જળભરાવને કારણે મદરેસા હાઈસ્કૂલથી લઈને કેજીએન કોમ્પ્લેક્સ તરફ જતો માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી. શહેરના શમરિયા મોરા વિસ્તારમાં દર વખતની જેમ વરસાદી પાણી ભરાવાની સમસ્યા યથાવત રહેતા સ્થાનિકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સાથે જ, ધામડોદ લુંભાની શિવ શક્તિ સોસાયટીમાં પણ ચોતરફ વરસાદી પાણી ફરી વળ્યા હતા. સમગ્ર પંથકમાં સર્જાયેલી આ સ્થિતિથી નાગરિકોને પારાવાર મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે.

# મહુવા તાલુકામાં 6.5 ઈંચ વરસાદ

અનાવલ: સુરત જિલ્લાના મહુવા અને અંબિકા વિસ્તારમાં બપોર બાદ વરસાદે જોર પકડતાં જનજીવન પ્રભાવિત થયું હતું. મહુવા તાલુકામાં આજે કુલ ૧૭૦ મી.મી. વરસાદ નોંધાયો છે. સવારે ૬થી ૮ દરમિયાન ૧૫ મી.મી., ૮ થી ૧૦ દરમિયાન ૪૬ મી.મી., ૧૦થી ૧૨ દરમિયાન ૧૭ મી.મી. અને ૧૨થી ૨ દરમિયાન ૨૨ મી.મી. વરસાદ પડ્યો હતો. ત્યારબાદ બપોરે ૨થી સાંજે ૪ વાગ્યાના માત્ર બે કલાકમાં જ ૭૦ મી.મી. વરસાદ વરસતાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ચાલુ ચોમાસામાં મહુવાનો કુલ વરસાદ હવે ૭૨૫ મી.મી. પર પહોંચ્યો છે.

### અંબિકામાં પણ અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં

અંબિકા વિસ્તારમાં આજે કુલ ૧૪૮ મી.મી. વરસાદ નોંધાયો છે. સવારે ૬ થી ૮ દરમિયાન ૨૭ મી.મી., ૮ થી ૧૦ દરમિયાન ૧૬ મી.મી., ૧૦ થી ૧૨ દરમિયાન ૨૭ મી.મી. અને ૧૨ થી ૨ દરમિયાન ૧૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ ૨થી ૪ વાગ્યાના બે કલાકમાં ૬૩ મી.મી. વરસાદ ખાબકતાં અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદને પગલે જિલ્લાના અનેક નીચાણવાળા વિસ્તારો, ખેતરો અને રસ્તાઓ પર પાણી ભરાવાના અહેવાલો સામે આવ્યા છે. સતત વરસી રહેલા વરસાદને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું



### માંડવીમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં, 1.75 ઈંચ વરસાદ

માંડવી : માંડવી તાલુકામાં 12 કલાકમાં 46 મીમી વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થયા હતા. માંડવી નગરના બરોડીયા વિસ્તારમાં વહેલી સવારે પડેલા ભારે વરસાદથી રસ્તાઓ પર પાણીનો તેજ પ્રવાહ વહેતો થયો હતો. માંડવી-અરેઠ તાલુકાના નીચાણવાળા લો-લેવલ બ્રિજ પર પાણી ફરી વળતાં વાહનચાલકોને લાંબો ચકરાવો લેવાની નોબત આવી હતી. માંડવી-મુંઝલાવ લો-લેવલ બ્રિજ પણ પાણીમાં ગરકાવ થઈ જતાં બારડોલી તરફ જતા મુખ્ય માર્ગ પર વાહનો ડાયવર્ટ કરવાની પરિસ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે સ્થાનિક આમલી ડેમમાં પણ પાણીની સારી આવક થઈ છે. હાલ જળાશયની સપાટી 105.65 મીટરે પહોંચી છે. ડેમની મહત્તમ સપાટી 115.80 મીટર અને નિયત રૂલ લેવલ 113.00 મીટર છે. જ્યારે ગોડધા ડેમમાં પણ પાણીની આવક વધતા ડેમ પરથી પસાર થતું પાણીનો નજારો જોવા લોક ટોળા ઉમટી પડ્યા હતા.

# વાલોડ, ડોલવણ, વ્યારાની તમામ શાળાઓ આજે બંધ

વાલોડ: તાપી જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ તકે જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે, ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિ તથા વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાલોડ, ડોલવણ અને વ્યારા તાલુકાની તમામ સરકારી તથા ખાનગી શાળાઓ તેમજ આંગણવાડીઓમાં બુધવારના રોજ શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરે વાલોડ, ડોલવણ અને વ્યારા તાલુકાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ, પોલીસ અધિકારીઓ સહિત સંબંધિત તમામ વિભાગોને સ્ટેન્ડબાય રહેવા તેમજ પરિસ્થિતિ પર સતત નજર રાખવા સૂચના આપી હતી. મંગળવારની રાત્રિ દરમિયાન જિલ્લાના અન્ય તાલુકાઓમાં વરસાદની સ્થિતિની સતત સમીક્ષા કરવામાં આવશે અને પરિસ્થિતિ અનુસાર જરૂરી નિર્ણયો લેવામાં આવશે.

# કીમ ગામમાં મેઘરાજા ‘ધમાકેદાર’ અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં

**રસ્તા** પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો, દર વર્ષની જેમ સમસ્યા આ વખતે પણ યથાવત



કીમ: ઓલપાડ તાલુકાના કીમ ગામમાં વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે ગામના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું હતું. ભારે વરસાદને કારણે અમૃતનગર, નવજીવન સોસાયટી, શિવાજીનગર સોસાયટી, રંગકૃપા વિસ્તાર, પોસ્ટ ઓફિસ રોડ તેમજ કીમ રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી.

સિઝનમાં બીજી વખત કીમ સ્થિત અંબાજી મંદિરના પરિસરમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં દર્શનાર્થે આવેલા ભક્તોમાં નારાજગી જોવા મળી હતી. બીજી તરફ કુડસદ GIDC વિસ્તારમાં ફરી એકવાર પાણી ભરાતા ઉદ્યોગો અને કામદારોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધોધમાર વરસાદના કારણે કીમથી કીમ ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર પાણીનો ભારે ભરાવો સર્જાયો હતો. બંને બાજુ રસ્તા પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સતત વરસાદને કારણે વિઝિબિલિટી ઘટી જતાં વાહનચાલકોને હેડલાઇટ ચાલુ રાખીને ધીમા વેગે વાહનો હંકરવા પડ્યા હતા. સ્થાનિકોએ વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તંત્ર સમક્ષ માંગણી કરી છે. દર વર્ષે ભારે વરસાદ દરમિયાન સર્જાતી પાણી ભરાવાની સ્થિતિથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.